# હાઈટેન્શન વીજલાઈન રોકવા ચિલોડામાં ખેડૂતોનો હલ્લાબોલ





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલા ચિલોડામોટા પાલજ, પ્રાંતીયા, લવારપુર, શાહપુર-રતનપુર વગેરે ગામોમાં ગાંધીનગર શહેરીકરણ તથા ખાનગીકરણને લીધે ખેડૂતોની મહામુલી કિંમતી જમીનો દિનપ્રતિદિન છીનવાઈ જાય તેવો કારસ્તો રચાઈ રહ્યો છે. ચિલોડાથી ગિફ્ટ સીટી તરફ જતી દૃ્દ કેવી હેવી લાઈનને લીધે ઘણા નાના-મોટા ખેડૂતોની કિંમતી જમીનોમાં થઈ હેવી ટેન્શન લાઈન લઈ જવાની સત્તાવાહકો દ્વારા તજવીજ હાથ ધરાઈ રહી છે.

આજે ચિલોડા સબસ્ટેશનથી હેવીલાઈન નાખવાનો શુભારંભ થવાના સંકેતો ખેડૂતોને મળતા આજુબાજુ, ગ્રામ્ય વિસ્તારના જમીન ધરાવતા ખેડૂતોની જમીન આ યોજનાથી મુલ્યહિન તથા બિનઉપયોગી બને તેવા ખેડૂતોને લાગતાં ખેડૂતઆલમમાં ભારે આર્થિક ફટકો પડે તેવા એંધાણો વર્તાતા આ લાઈન રોકવા ચિલોડા, પાલજ, પ્રાંતિયા, લવારપુર, રતનપુર, શાહપુર ગામના ખેડૂત યુવાનો ચિલોડામોટા વીજ બોર્ડની કચેરીના દરવાજા સામે ગાંધીનગર જવાના માર્ગ પાસે મોટી સંખ્યામાં ખેડૂતો આવી વીજલાઈન રોકવા ઉહાપોહ સાથે શખત વિરોધ નોંધાવ્યો હતો. આ સમય દરમિયાન ખેડૂતોનો મિજાજ આસમાને પહોંચતા ચિલોડા પોલીસ ઘટનાસ્થળે આવી બંદોબસ્ત ગોઠવવાની ફરજ પડી હતી. આ સમય દરમિયાન ચિલોડા જી.ઈ.બી.ના ડે. એન્જિનિયર આર.જે. પરીખ સાથે ખેડૂતોએ આ વીજલાઈનથી નુકસાન અંગે તથા કોઈપણ સંજોગોમાં વીજ લાઈન ન નાંખવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા ભલામણ કરી હતી. ઉદ્યોગપતિઓના હિતો ધ્યાનમાં લીધા વિના ખેડૂતોનું હિત વિચારવા આહવાન કર્યું હતું. આ અંગે કોઈ ઉકેલ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી. આ અંગે આવેદનપત્ર આપતાં ખેડૂતોએ જણાવ્યું કે તાત્કાલિક ધોરણે ખેડૂતોના હિતમાં નિર્ણય લેવા વિનંતી કરી હતી. આ અંગે ખેડૂતો ઉગ્ર આંદોલનની ફરજ ન પડે તે માટે છેલ્લા શ્વાસ સુધી ઝઝુમવા તૈયારી દર્શાવી હતી. આ અંગે ખેડૂતો આગેવાનો તાલુકાના ધારાસભ્યશ્રીને રજૂઆત કરવા કે ચર્ચા વિચારણા માટે સંપર્ક કરવા દોડી ગયા હતા.

## ગાંધીનગરમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા લોન-વાહન વિતરણ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૮

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા આજરોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને લોન-વાહન વિતરણ સમારોહ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાયો હતો.આ સમારંભમાં ગાંધીનગર જિલ્લાના અને અમદાવાદ જિલ્લાના મળી કુલ-૫૩૯ લાભાર્થીઓને રૂપિયા ૨ કરોડ ૭૧ લાખથી વધુ રકમની લોન સહાય તથા વાહનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજયમાં છેલ્લા એક દાયકામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રાજકારણ સાથે સંકાળાયેલા વ્યક્તિઓ પહેલા પોતાની વોટ બેંક જોવે છે, જયારે રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી છેવાડાના માણસનો વિકાસ ઈચ્છે છે. રાજય સરકાર દ્વારા દીકરીઓના જન્મદરનો આંક ઉંચો લાવવા બેટી બચાવો અભિયાન શરૂ કર્યુ છે, તેની સાથે સાથે ત્રણ મહિના ગર્ભમાં રહેલ દીકરીઓની ભૃણહત્યા ન થાય તે માટે કાયદાનો કડક હાથે અમલ કરવામાં આવે છે. તે ઉપરાંત કુપોષણ સામેના જંગ, કન્યા કેળવણી મહોત્સવ, શિષ્યવૃતિ, ૧૦૮ એમ્બ્યુલન્સ, ખિલખિલાટ, મુખ્યમંત્રીશ્રી અમૃતમૂ યોજના, શાળા આરોગ્ય તપાસણી, વિધવા સહાય જેવા વિવિધ કાર્યક્રમ અને યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રી ઝવેરભાઈ ચાવડાએ ગુજરાત સરકારના પારદર્શક વહીવટ અને યુવાનોને પગભર બનાવવા રાજય સરકારે અમલી બનાવેલ વિવિધ યોજનાઓ અને કોર્પોરેશનની વિવિધ લોન સહાય અને વાહન સહાય યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

આ -સંગે ગાંધીનગર જિલ્લાના ૪૬૭ લાભાર્થીઓ અને અમદાવાદ જિલ્લાના ૭૨ લાભાર્થીઓને પેસેન્જર રીક્ષા,લોડિંગ રીક્ષા, માલવાહક રીક્ષા, ફોર વ્હીલર પેસેન્જર રીક્ષા, નાના પાયાના ધંધાની લોન, કોમ્પ્યુટર/લેપટોપ જેવી વિવિધ સાધનો અને લોન મળીને રૂપિયા ૨ કરોડ ૭૧ લાખથી વધુ રકમની સહાયની ચૂકવવામાં આવી હતી.

આ વિતરણ સમારંભમાં અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક શ્રી એમ.એ.નરમાવાલા, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટર શ્રી આર.એમ.જાદવ, કોર્પોરેશના ઉપાધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ વાઘેલા, સભ્ય શ્રી જીવરાજભાઈ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહયાં હતાં.

## ગાંધીનગરમાં આજે દેના બેંકની પ્લેટીનમ જયુબિલી નિમિત્તે શિબિર

ગાંધીનગર, તા.૮

દેના બેંક દ્વારા સ્થાપનાના ૭૫ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે પ્લેટીનમ જયુબીલી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે, તેના ભાગરૂપે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ અંગેનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી દેના બેંક, ક્ષેત્રીય કાર્યાલય, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે એક વિશેષ શિબિરનું આયોજન તા. ૯-૫-૨૦૧૩ નેગુરુવારનાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે કરવામાં આવ્યું છે આ શિબિરનો લાભ લેવા તમામ વિદ્યાર્થીઓને/વાલીઓને આમંત્રણ છે.

## હેલો વિવિધભારતી કાર્યક્રમમાં ભરત કવિના વાર્તાલાપનું પ્રસારણ

ગાંધીનગર, તા.૮

આકાશવાણી અમદાવાદ ખાતેથી પ્રસારીત થતા હેલો વિધિ ભારતી ૯૬.૭ પર આજે સવારે ૧૦.૦૭ થી ૧૧ કલાક દરમિયાન 'રકતદાન વિષય' પર હેમાંગ જોષી અને ગાંધીનગરના ભરત કવિની ટેલીફોનીક વાર્તાલાપનું પ્રસારણ કરવામાં આવશે.

## લેંકાવાડા સી.આર.પી. કેમ્પ ખાતે હાર્ટએટેકથી વધુ એક સુરક્ષાકર્મીનું મોત

ચિલોડા, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ઉનાળાની ગરમીનો પારો દિન પ્રતિદિન વધતો જાય છે. પરિણામે છેલ્લા એક પખવાડિયાથી કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. જ્યારે ગરમીથી બચવા લોકો કંઈને કંઈક અનેક કિમિયા અપનાવી રહ્યા છે. જ્યારે હાર્ટએટેકથી તાજેતરમાં સી.આર.પી. કેમ્પમાં એક સુરક્ષા કર્મીનું અવસાન થયું હતું. જ્યારે પુનઃ વધુ એક સુરક્ષા કર્મી આજે હૃદયહુમલાનો ભોગ બન્યા હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. આ અંગે મળતી માહિતી મુજબ લેકાવાડા સી.આર.પી. કેમ્પ ખાતે રહેતા વિજય નામદેવ વસાવળે (ઉ.વ.૩૮) હાર્ટએટેકથી સુરક્ષા કર્મીનું મોત સવારે ૮ વાગ્યાના અરસામાં થયું હોવાનું જાણવા મળે છે. આ અંગે અકસ્માતે મોતનો ગુનો ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામ્યો છે.

## શહેરમાં બે દિવસમાં બે ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ પ્લોટ નં. ૩૮૨ ખાતે રહેતા ૪૮ વર્ષીય સુરેન્દ્રસિંહ બહાદુરસિંહ ગોહિલનું ગતરોજ અવસાન થયું હતું. તેમના કુટુંબીજન ભાવનાબા સુરેન્દ્રસિંહ ગોહિલ તેમજ સ્નેહીજનોની સંમતિથી ચક્ષુદાન કરવામાં આવ્યું હતું. તેમજ સેકટર-૭-ડી પ્લોટ નં. ૧૨૦૭/૨ ખાતે રહેતા વિનુભાઈ વિરજીભાઈ ઠકકરનું આજરોજ અવસાન થતા તેમના કુટુંબીજન કીરીટભાઈ ઠકકરની સંમતિથી ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. ચક્ષુદાનમાં તબીબી સેવા ડૉ. મિનલબેન પારેખ, ડૉ. શિલ્પાબેન ભટ્ટ તેમજ જુનિયર સિટીઝન કાઉન્સીલના કાર્યકર કિરણસિંહ વાઘેલા, દિપસિંહ, છત્રસિંહ આ ઉમદા સેવાકાર્યમાં જોડાયા હતા અને ચક્ષુઓ ચક્ષુબેંક ખાતે કૌશિક ભટ્ટ, સુરેશ દ્વારા પહોંચાડવામાં આવ્યા હતાં.

## ટ્રેલરની અડફેટે ઘવાયેલા એકટીવાચાલક પ્રૌઢનું મોત

### પાંચ દિવસથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા હતા : ડભોડીયા હનુમાન મંદિરેથી દર્શન કરીને પરત ફરતી વખતે ઘટના સર્જાઈ હતી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકના બોરીજ ગામમાં રહેતા પ્રૌઢ તેમના મિત્ર સાથે એકટીવા લઈને પાંચ દિવસ અગાઉ ડભોડીયા હનુમાન મંદિર દર્શન કરવા ગયા હતાં. પરત ફરતી વખતે લવારપુર ચોકડી પાસે બેફામ જતી ટ્રેલરે અકટીવાને અડફેટે લઈ લેતા બંને મિત્રો ગંભીર રીતે ઘવાયા હતાં. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પાંચ દિવસથી જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેતા ૫૦ વર્ષીય એકટીવા ચાલક પ્રૌઢનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું છે. જયારે બીજા મિત્રને પગે ફ્રેકચર હોવાથી સારવાર ચાલી રહી છે. ડભોડા પોલીસે ટ્રેલર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બોરીજ ગામમાં રહેતા ૫૦ વર્ષીય પ્રૌઢ બળદેવજી જેસંગજી ઠાકોર ૩જી મે ના રોજ ઈન્દ્રોડા ખાતે રહેતા તેમના મિત્ર દશરથજીને લઈને એકટીવા પર ડભોડીયા હનુમાન મંદિરે દર્શન કરવા ગયા હતાં. ત્યાંથી પરત ફરતી વખતે લવારપુર ચોકડી પાસે તેમને ગમખ્વાર અકસ્માત નડયો હતો. સડસડાટ આવી રહેલી રાજસ્થાન પાસીંગની ટ્રેલરે એકટીવાને ટકકર મારતા બંને મિત્રો ગંભીર રીતે ઘવાતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવ્યા હતાં. દશરથજીને પગે ફ્રેકચર થઈ ગયું છે જયારે બળદેવજીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘવાયેલા બળદેવજીનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું છે. ડભોડા પોલીસે આ અંગે નોંધાયેલા ગુના અંતર્ગત આરોપી ટ્રેલર ચાલકની શોધખોળ આરંભી છે.

## વિટકોસના ટીકિટ ચેકરે મુસાફરોને ગંદી ગાળો ભાંડી, મહિલાઓ ક્ષોભજનક સ્થિતમાં

### વિટકોસની પ્રતિષ્ઠાને હાની પહોંચાડતી ચેકરની વતુર્ણક, ફરજમાંથી દુર કરવા મુસાફરોની માંગ

ગાંધીનગર, તા. ૮

રાજયના પાટનગરમાં ચાલતી સીટી બસ વિકટકોસ મુસાફરો માટે આશીર્વાદ રૂપ બની રહી છે. ત્યારે ચેકરો મુસાફરો સાથે અસભ્ય વર્તન દાખવી રહ્યા છે. જેમાં બુધવાર સવારે ચિલોડા વાયા ઘ-રોડમાં એક ટીકિટ ચેકરે તમામ મર્યાદાઓ વટાવી દઈ એક કોઈ ડઘાઈ ગયા હતા. આ ચેકરને મુસાફરો આવું વર્તન ન કરવા જણાવતાં ઉશ્કેરાઈ જઈ તારાથી થાય તે કરી લેવાનું સંચાલકો પણ મારું કશું બગાડી લેવાના નથી. તેવું રોફ જમાવી જણાવી દીધું હતું. ટીકીટ ચેક કરવા જેવી બાબતે ઓળખપત્ર ન હોવાથી ઓળખ પત્ર માંગવું તે મુસાફરોનો હક્ક હોવો છતાં ટીકીટ ચેકર બેફામ



મુસાફરને ગંદી ગાળો આપી હતી. અને બસમાં હાજર મહિલાઓ પણ ચેકરની આ વતુર્ણકથી ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગઈ હતી. જેથી મુસાફરોએ આવા ટીકીટ ચેકરોને ફરજમાંથી મુક્ત કરી દેવા જલદ માંગ કરી છે.

વિટકોટ શહેરી બસ સેવા એકદંરે ગાંધીનગર શહેર માટે મુસાફરીનો ખૂબ જ સુંદર પર્યાય બની છે અને શહેરીજનો તે સેવાથી સંતુષ્ટ પણ છે. પરંતુ વિટકોસની અમુલ્ય પ્રતિષ્ઠાને હાની પહોંચાડતા કેટલાક અનિષ્ઠ તત્વો વિટકોસને બદનામી અપાવી રહ્યા છે.

બુધવારે સવારે ૮.૩૫ ઉપડતી ચિલોડા વાયા ઘ-રોડ બસમાં એક મુસાફર સાથે ટીકીટ ચેકરે ગંદીગાળો સાથે અસભ્ય વર્તન કરતાં મહિલા મુસાફરો સાથે સૌ બન્યો હતો.

આ અંગે વિટકોસ સંચાલક હરેશભાઈ ડોડીયાએ જણાવ્યું હતું કે, વિટકોસની પ્રતિષ્ઠાને અમે કોઈપણ ભોગે હાની નહીં પહોંચવા દઈએ. તેમજ મુસાફરો થકી જ આ વ્યવસાય છે. જેથી આ ટીકીટ ચેકરને ફરજમાંથી છુટો કરવાની કાર્યવાહી થશે. વોર્ડના કોર્પોરેટર પ્રકાશભાઈ પટેલે ટીકીટ ચેકરની વતુર્ણકને કોઈપણ હિસાબે ચલાવી લેવામાં ન આવે તેવું જણાવી આ અંગે સંચાલકોને વાકેફ કરી કાર્યવાહીની માંગ કરાશે તેમ કહ્યું હતું.

મુસાફરો થકી ઉજળી આ સર્વિસ મુસાફરો માટે આશીર્વાદ રૂપ છે. પરંતુ તેમની સલામતી અને સન્માન પણ જળવાય એવું સંચાલકોએ આયોજન કરવું જોઈએ. તેમ મુસાફરો જણાવી રહ્યા છે.

## જૂના સચિવાલયમાં વિસામા માટે મુશ્કેલી વસાહત મહાસંઘની રજૂઆત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં જૂના સચિવાલય બ્લોક ૧ ૩થી ૧૬ ઈલે. ડીપીથી વિશ્રામગૃહ તરફથી જગ્યામાં વનીકરણ કરવામાં આવેલ છે. વનીકરણની જગ્યાએ બાગ-બગીચાનું નિર્માણ રંગમંચનું નિર્માણ કરવાની જરૂરીયાત છે. આ અંગે ગાંધીનગર શહેર વસાહતે મહાસંઘ કેશરીસિંહ જી. બિહોલાએ માંગણી કરેલ છે. સરકારી કામે બહારથી આવતા મુલાકાતીઓને બેસવા માટે જગ્યા નથી. શીતળ છાયામાં બેસવા માટે બાંકડાઓ મુકવાની જરૂર છે. પેન્શનરોને બેસવા માટે મુશ્કેલીઓ પડે છે. રેલ્વે રિઝર્વેશન, પોસ્ટ ઓફિસમાં પણ જનતાને હાડમારી બેસવાની પડે છે.

નિવૃત થતા કર્મચારીઓ, કોઈ નાના મોટા સમારંભો યજવા માટે રંગમંચ જૂના સચિવાલયમાં બનાવવાની જરૂર છે. યુ.ટી. મહેતા મેમોરીયલ રંગમંચ બનાવવાની રજૂઆત કરવામાં આવી છે.

## સેકટર-૧માં સંજીવનીના પાઠ દત્તબાવની આજે યોજાશે

ગાંધીનગર, તા. ૮

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા તા. ૯મી ગુરુવારના રાત્રે ૮ કલાકે દત્તબાવની સંજીવનીના પાઠ શ્રીમતી જ્યોતિબેન જાધવ પ્લોટ નં. ૨૪૧/૨ સેકટર-૧, ગાયત્રી મંદિર, ગાંધીનગર ખાતે રાખેલ છે. ત્રિમૂર્તિ દત્તમંદિર સેકટર-૨૮થી ગાયત્રી મંદિર જવા વ્યવસ્થા કરવામાં આવેલ છે. નવનીતભાઈ પાઠક પ્રમુખ રંગ અવધૂત પરિવાર ગાંધીનગરે જણાવેલ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૬.૫૯

### તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૪૮ ટકા ● સાંજે ૨૨ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

આઈરોન મેન (૩ડી)(હિન્દી) : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૨૫
છોટા ભીમ : ૧૨.૩૦, ૫.૩૦

: સ્ક્રીન-૨ :

આશકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦
બોમ્બે ટોકીસ : ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૩૫

: સ્ક્રીન-૩ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૯.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,
આશીકી-૨ : ૧૨.૦૦

**સૂર્યા, વાવોલ**

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીત ઝૂકે નહીં સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

શૂટઆઉટ એટ વડાલા: ૯.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦
આઈરોન મેન-૩ : ૧.૧૫, ૪.૦૦

: સ્ક્રીન-૩ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦
શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૧૦.૩૦

**ચિરાગ, કલોલ**

ગોરી મેં તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સામાજિક**

- દેના બેંક દ્વાર સ્થાપનાના ૭૫ વર્ષની પૂર્ણાહૂતિ નિમિતે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ અંગેનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી દેના બેંક, ક્ષેત્રીય કાર્યાલય, સેકટર-૧૬ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે માહિતી પૂરી પાડતો સેમિનાર યોજાશે.

### આપની આજ

**મેષ** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

### ચિરવિદાય

- સ્વ. નવુબા નટવરસિંહ વાઘેલા (ઉ.વ. ૮૪) જાગૃતિ પાર્ક, પ્લોટ નં. ૭૯૧/૧, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. વિનોદચંદ્ર વિરજીભાઈ પુજારા (ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૧૨૦૭/૨, સેકટર-૭/ડી, ગાંધીનગર.